<u>રેગ્યુલર દિવાની દરખાસ્ત નં. ૧૫/૨૦૨૫</u>

## -: આંક-૦૧ નીચે હુકમ :-

આ કામે સદરહુ દરખાસ્તનું રેકર્ડ વંચાણે લેતા આ કામે અરજદાર પી.જી.વી.સી.એલ.નાઓએ હાલની દરખાસ્ત દાવાની રકમ વસુલ લેવા પ્રતિવાદી સામે કરેલી છે. આ કામે રેકર્ડ જોતા અરજદારની અરજી મુજબ સામાવાળા વિરુધ્ધ જંગમ જપ્તી વોરંટ ઓર્ડર ૨૧ રૂલ ૩૦ મુજબ આંક-૦૯, ૧૧, ૧૨,૧૩,૧૫ તથા આંક-૧૬ થી ઈસ્યુ કરવામાં આવેલ. જે વોરંટો દરખાસ્તદાર ધ્વારા યોગ્ય બજવણી ની અમલવારી કર્યા વગર સામાવાળા પાસે થી આંશીક રકમ લઈ ને વોરંટો વગર અમલે કરી યોગ્ય બજવણી કરવા માટે રસ દાખવેલ નથી. વધુમાં, આજરોજ પણ આંક-૧૬ થી આવેલ વોરંટ વગર અમલે પરત થયેલ છે. વધુમાં, દરખાસ્તદાર તરફે સામાવાળા પાસે થી બાકી રકમ વસુલ કરવા કોઈ યોગ્ય કાર્યવાહી કરેલ નથી. આમ, અરજદાર તરફે હાલની દરખાસ્ત નું કામ આગળ ચલાવવા દરખાસ્તદાર તરફે કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવેલ ન હોય અરજદાર આ દરખાસ્ત આગળ ચલાવવામાં રસ ધરાવતા ન હોય તેવુ સ્પષ્ટપણે ફલિત થાય છે. જેથી હાલની દરખાસ્ત તે રીતે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સિવાય કોઈ ઉપાય રહેતો ન હોય જેથી હાલની દરખાસ્ત કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૧ મી માહે એપ્રીલ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:- કાલાવડ
તા.૨૧.૦૪.૨૦૨૬

(હર્ષદ રાજાભાઈ ખમલ)
પ્રિન્સીપાલ સીવીલ જજ
કાલાવડ.
<u>(કોડ નંબર - જી.જે.૦૧૭૪૯)</u>

//સેલ્ફ//